**દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના પીપોદરા ગામે સરકારી કામમાં ભ્રષ્ટાચાર**

## મનરેગા યોજનામાં કાગળ પર કામ બતાવી લાખો રૂપિયાની ઉચાપત

**સરપંચ, તેમના પતિ, તલાટી કમ મંત્રી, ટેકનિકલ આસિસ્ટન્ટ અને ગ્રામ રોજગાર સેવકની મિલીભગત**



(પ્રતિનિધિ) દાહોદ, તા.2
દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના પીપોદરા ગામમાં મનરેગા યોજનામાં કાગળ પર કામ બતાવી લાખો રૂપિયાની ઉચાપતનો મામલો સામે આવ્યો છે. ગરીબોના હકના પૈસા સરપંચ અને અધિકારીઓની મિલીભગતથી ખિસ્સામાં સેરવી લેવાયાનો આક્ષેપ છે. સરકારી ચોપડે લાખોના કામો બોલે છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ છે. આટલી ગંભીર ફરિયાદ છતાં તંત્ર મૂક પ્રેક્ષક બનીને બેઠું છે. જ્યારે આ મામલે જવાબ માંગ્યો તો તાલુકા વિકાસ અધિકારીએ કેમેરા સામે બોલવાનો જ ઈન્કાર કરી દીધો છે. દાહોદના પીપોદરા ગામે મનરેગા યોજનાના નામે ગરીબોના હક પર તરાપ મારવામાં આવી છે. અહીંના સરપંચ અને જવાબદાર અધિકારીઓએ મળીને જે કૌભાંડ આચર્યું છે તે જાણીને તમે પણ ચોંકી જશો. ગામના સર્વે નંબર ૨૭૮ અને સર્વે નંબર ૨૯૭માં સામુહિક સિંચાઈ કુવા બનાવવાની મંજૂરી મેળવવામાં આવી હતી, પરંતુ સ્થળ પર જઈને તપાસ કરતા ત્યાં કુવાનું કોઈ જ નામનિશાન જોવા મળ્યું નથી. આશ્ચર્યની વાત એ છે કે, જે કુવા જમીન પર અસ્તિત્વમાં જ નથી, તેના માટે ૧,૪૪,૦૦૦ રૂપિયાથી વધુની રકમ મજૂરી ખર્ચ પેટે ઉપાડી લેવામાં આવી છે. અલગ-અલગ મસ્ટર રોલ તૈયાર કરીને કાગળ પર મજૂરો કામ કરતા હોવાનું બતાવી આ રકમનો વહીવટ કરી દેવાયો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે આ રીતે અન્ય સર્વે નંબર ૩૦૧ અને ૩૦૨ માં પણ કામ કર્યા વગર જ નાણાંની ઉચાપત કરવામાં આવી છે.

## લીમખેડાની મુખ્ય પ્રાથમિક શાળાના શિક્ષકનો વય નિવૃત્તિ કાર્યક્રમ યોજાયો



લીમખેડા : લીમખેડાની મુખ્ય પ્રાથમિક શાળા ના શિક્ષક નો વય નિવૃતી નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરે નિવૃત થનારા શિક્ષક માંગીલાલ પ્રજાપતિ નું સન્માન કર્યું હતું જે શાળામાં અભ્યાસ કરીને તેજ શાળા માં શિક્ષક બનીને તેજ શાળામાંથી નિવૃત થયા તે એક અદભુત ઘટના છે નિવૃત માંગીલાલ ભાઈ ૩૭ વર્ષ થી લીમખેડા ની શાળા માં ફરજ બજાવીને સેંકડો વિદ્યાથીઓના જીવનમાં ખુબજ યોગદાન આપ્યું છે એ ભુલાય એમ નથી. સમારંભમાં મોટી સંખ્યામાં ગ્રામજનો તથા વિદ્યાથીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ચેકિંગ દરમિયાન ૧૯ શંકાસ્પદ વાહનો જપ્ત કરાયા**

## કાલોલ નગરમાં મહોરમ નિમિત્તે પોલીસ અધિક્ષકની અધ્યક્ષતામાં ફૂટ પેટ્રોલિંગ યોજાયું



(પ્રતિનિધિ) કાલોલ, તા.25
આગામી પવિત્ર મોહરમ પર્વને ધ્યાનમાં રાખીને કાલોલ ટાઉન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રહે તેમજ નાગરિકોમાં સુરક્ષાનો ભાવ જળવાઈ રહે તે હેતુથી કાલોલ પોલીસ દ્વારા એક વિશેષ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાલોલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક (DySP) નવીન આહિરની સીધી અધ્યક્ષતામાં કાલોલ ટાઉનના વિવિધ વિસ્તારોમાં સઘન ફૂટ પેટ્રોલિંગ અને વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.આ ફૂટ પેટ્રોલિંગમાં કાલોલના પોલીસ ઈન્સ્પેક્ટર (PI) આર. ડી. ભરવાડ, પોલીસ સબ-ઈન્સ્પેક્ટર (PSI) આર. એમ. મોહનિયા તથા સમગ્ર પોલીસ સ્ટાફ જોડાયો હતો. પોલીસ કાફલાએ આગામી મોહરમ પર્વના નિર્ધારિત રૂટ તેમજ કાલોલ ટાઉનના મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં પગપાળા પેટ્રોલિંગ (ફૂટ પેટ્રોલિંગ) કર્યું હતું. આ પેટ્રોલિંગનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક પ્રજામાં શાંતિ, એકતા અને સલામતીનો મજબૂત સંદેશ પહોંચાડવાનો હતો.ફૂટ પેટ્રોલિંગની સાથે-સાથે માર્ગો પર કડક વાહન ચેકિંગ પણ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ દરમિયાન ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. ખાસ કરીને: કાચ પર બ્લેક ફિલ્મ લગાવીને ફરતા વાહનચાલકો નંબર પ્લેટ વગરના શંકાસ્પદ વાહનો તપાસ દરમિયાન મળી આવ્યા કાયદાનો ભંગ કરનારા કુલ ૧૯ વાહનોને પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યા હતા.

**હાલોલમાં મોહરમ પર્વને લઈને પોલીસ તંત્ર સજ્જ**

## હાલોલ રૂરલ પોલીસ મથકે DYSPની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ

**સ્થાનિક** અગ્રણીઓએ પણ વહીવટી તંત્રને સંપૂર્ણ સહકાર આપવા જણાવ્યુ હતુ



(પ્રતિનિધિ) હાલોલ, તા.25
મુસ્લિમ સમુદાયના પવિત્ર તહેવાર 'મોહરમ' પર્વની શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી થાય તે હેતુથી ગઈકાલે બુધવારના રોજ હાલોલ રૂરલ પોલીસ મથકે એક મહત્વપૂર્ણ શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક હાલોલ વિભાગના DYSP વી. જે. રાઠોડની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં હાલોલ ટાઉન પોલીસના PI આર. કે. દેસાઈ તેમજ હાલોલ રૂરલ પોલીસના PI વી. એચ.જાડેજા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.બેઠક દરમિયાન હાલોલ પંથકના હિન્દુ અને મુસ્લિમ સમુદાયના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને પરંપરાગત રીતે પર્વની ઉજવણી થાય તે માટે વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. પોલીસ પ્રશાસન દ્વારા બંને સમુદાયના અગ્રણીઓને પરસ્પર ભાઈચારો અને કોમી એકતા જાળવી રાખીને મોહરમ પર્વની શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કરવા માટે ખાસ અપીલ કરવામાં આવી હતી. સ્થાનિક અગ્રણીઓએ પણ વહીવટી તંત્રને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી ઉચ્ચારી હતી.

## સિંગવડ તાલુકાની શ્રી નહેરુ ઉ.મા. શાળામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો



(પ્રતિનિધિ) સિંગવડ, તા.25
શ્રી નહેરુ ઉ.મા. શાળા દાસા: પ્રગતિનો પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ ઉજવાયો, IG ચૌધરી અને મહંત સુમરણદાસજી ઉપસ્થિત સિંગવડ તાલુકાની શ્રી નહેરુ ઉ.મા. શાળા, દાસા ખાતે "પ્રગતિનો પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ - ૨૦૨૬"ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગરથી પધારેલા પોલીસ મહાનિરીક્ષક એન.એન. ચૌધરી અને *શાળા સંચાલક ૧૦૮ મહંતશ્રી સુમરણદાસજીના હસ્તે દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરાયો હતો. મહેમાનોનું પુસ્તક, ફૂલહાર અને શાલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. શાળાની કન્યાઓ દ્વારા પ્રાર્થના અને સ્વાગતગીત રજૂ કરાયું હતું. શાળાના આચાર્ય જે.પી. પ્રજાપતિએ પ્રાસંગિક પ્રવચનમાં કન્યા કેળવણી, સરકારી યોજનાઓ અને દીકરીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પર વિશેષ ભાર મૂક્યો હતો. મુખ્ય મહેમાન IG એન.એન. ચૌધરી અને મહંતશ્રી સુમરણદાસજી સાહેબે તથા દાસા ગામના સરપંચ રમીલાબેન ભાભોર તથા ગામના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હાથે વિદ્યાર્થીઓ અને વાલીઓને કન્યા કેળવણી અને શિક્ષણ પ્રત્યે જાગૃત રહેવા અપીલ કરી હતી. કુલ 372 વિદ્યાર્થીઓને પ્રવેશ કરાવાયો હતો.

## હાલોલમાં રૂરલ પોલીસે સાઈલેન્સર ચોરીના ગુનમાં બે આરોપીઓને ઝડપ્યા



(પ્રતિનિધિ) હાલોલ, તા.25
કાલોલ પોલીસને એક મોટી સફળતા મળી છે. પોલીસે પેટ્રોલિંગ દરમિયાન હાલોલ રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી સાયલેન્સર ચોરીના અનડીટેક્ટ ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો છે અને બે આરોપીઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. જીલ્લા પોલીસ અધિકારીઓ દ્વારા મિલ્કત સંબંધી ગુન્હાઓ અટકાવવા અને વણશોધાયેલા ગુન્હાઓ શોધવા માટે ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી. જેના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. ભરવાડ અને તેમની સર્વેલન્સ ટીમ નાઈટ રાઉન્ડ (પેટ્રોલિંગ) માં હતી.આ દરમિયાન મધવાસ ગામ પાસે હીરો કંપની નજીક એક આઈસર કન્ટેનર ટ્રક (રજી. નં. GJ-17-XX-4953) બંધ હાલતમાં ઊભેલી જોવા મળી હતી. ટ્રકમાંથી બે ઈસમો અંધારામાં કંઈક સામાન નીચે ઉતારી રહ્યા હતા. પોલીસને શંકા જતાં તેમણે બંને શખ્સોની કડક પૂછપરછ હાથ ધરી હતી. પોલીસની સઘન પૂછપરછ દરમિયાન બંને ઈસમો ભાંગી પડ્યા હતા

અને તેમણે સ્વીકાર્યું હતું કે આ સાયલેન્સર તેમણે 'બડ-વે' કંપનીમાંથી ચોર્યા હતા. પોલીસે તાત્કાલિક મોટરસાયકલના સાયલેન્સર અને ટ્રક કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ સાથે જ હાલોલ રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુન્હો ડીટેક્ટ કરવામાં આવ્યો છે.

પકડાયેલા આરોપીઓ (૧) હરેશભાઈ ગુલાબસિંહ ચૌહાણ (ઉ.વ. ૨૫, ધંધો: ડ્રાઈવિંગ, રહે: મોકળ સાગોળ ફળિયું, તા. કાલોલ, જી. પંચમહાલ)(૨) રાજકુમાર દિનેશભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૩, ધંધો: મજૂરી/વર્કર, રહે: દાઉધરા ચૌહાણ ફળિયું, તા. ઘોઘંબા, જી. પંચમહાલ) પોલીસે આરોપીઓ પાસેથી કુલ ૧૧,૩૪,૯૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

# પંચમહાલ-દાહોદમાં શાળા પ્રવેશોત્સવનો ત્રીજો દિવસ

### દાહોદની જીપી ધાનકા હાઈસ્કૂલમાં 'શાળા પ્રવેશોત્સવ'ની ભવ્ય ઉજવણી



દાહોદ : ગુરુવાર દાહોદ મુકામે આવેલી જીપી ધાનકા હાઈસ્કૂલ ખાતે નવા શૈક્ષણિક વર્ષ નિમિત્તે 'શાળા પ્રવેશોત્સવ' કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહભેર અને ભવ્ય વાતાવરણમાં ઉજવવામાં આવ્યો હતો. શાળાના આંગણે પગ મૂકતા નવા વિદ્યાર્થીઓને આવકારવા માટે સમગ્ર કેમ્પસને સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત આમંત્રિત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સંસ્થાના પ્રમુખ ગોપાલભાઈ ધાનકા પણ મંચ પર બિરાજમાન રહ્યા હતા.

### લીમખેડા મુખ્ય પ્રાથમિક શાળામાં સાંસદ જસવંતસિંહ ભાભોરના હસ્તે બાળકોનો શાળાપ્રવેશ



લીમખેડા : ગુજરાત રાજ્યભરમાં શિક્ષણના વ્યાપ અને ગુણવત્તાને વેગ આપવા માટે "કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૬" નો ભવ્ય પ્રારંભ થયો હતો જેમાં આજે ત્રીજો દિવસ ઉજવવામાં આવ્યો હતો પાછલા બે દિવસમાં ધો.1માંથી પ્રવેશ મેળવનાર ભૂલકાઓને રંગે ચંગે ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવયો હતો. અને આજરોજ લીમખેડા નગરની મુખ્ય પ્રાથમિક શાળામાં સાંસદ જસવંતસિંહ ભાભોર ના હસ્તે બાલ મંદિર તથા પહેલા ધોરણમાં પ્રવેશ મહોત્સવ યોજવામાં આવ્યો હતો જેમાં નવા ચુંટાયેલા તાલુકા પંચાયતના સભ્ય અને લીમખેડા તાલુકા પંચાયત ની કારોબારી સમિતિના અધ્યક્ષ માયાબેન શાહ વિદ્યાથીઓ નાં વાલી તથા મોટી સંખ્યામાં શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

### કાલોલની સી.બી.ગર્લ્સ હાઈસ્કુલ ખાતે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ઉજવણી



કાલોલ : પંચમહાલ જિલ્લાના કાલોલ ખાતે આવેલી સી બી ગર્લ્સ હાઈસ્કુલ ખાતે ધો ૯ અને ધો ૧૧ ના વર્ગ ના બાળકોનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઈન્ડેક્સ-સીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડો. એસ. જે. જોશી ખાસ ઉપસ્થિત રહીને ભૂલકાઓને શાળામાં પ્રવેશ કરાવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.ઉચ્ચ શિક્ષણનું મહત્વ વિશે ડો. જોશીએ વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા જણાવ્યું હતું કે ઉચ્ચ શિક્ષણ મેળવવું એ સફળતાની ચાવી છે, શિક્ષણ મેળવ્યુ હશે તો સફળતા ચોક્કસ મળશે,જે વિદ્યાર્થીને જીવનના દરેક પગલે મદદરૂપ બને છે.

### લીમખેડાની પ્રાથમિક શાળામાં પર લાખના ખર્ચે ચાર નવિન ઓરડાઓનું લોકાર્પણ



લીમખેડા : લીમખેડાની પ્રાથમિક શાળામાં મીડીયમ ઈંગ્લીશ ના પર લાખના ખર્ચે ચાર નવિન ઓરડા ઓનું લોકાર્પણ સાંસદ જસવંતસિંહ ભાભોર હસ્તે કરવામાં આવ્યું હતું. ૧૧૮ વર્ષ જુની લીમખેડા ની પ્રાથમિક શાળામાં સમગ્ર લીમખેડા તાલુકામાં પ્રથમ એવી નો ૧ થી ચાર ધોરણ સુધી ની ઈંગ્લીશ મીડીયમ શાળા ચાલે છે જેનાં ચાર ઓરડાનું આધુનિક સુવિધાઓ સાથે ના વર્ગખંડ નું લોકાર્પણ દાહોદનાં સાંસદ જસવંતસિંહ ભાભોર હસ્તે કરવામાં આવ્યું હતું જેમાં લીમખેડામાં ભાજપના પ્રભારી વિનોદભાઈ રાજગોર અનિલભાઈ શાહ સી.આર.સી ઋષિ ભાઈ સલાણીયા તથા મોટી સંખ્યામાં શિક્ષકો ગામજનો તથા વિદ્યાથીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સૌને અભિનંદન પાઠવ્યા હતા.

### દાહોદમાં લાયન્સ ક્લબ ઓફ સિટી દ્વારા કન્યા કેળવણી અને પ્રગતિનો પ્રવેશોત્સવ યોજાયો



દાહોદ : લાયન્સ ક્લબ ઓફ ઇન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 32 32 એફ વન રિજીયન ચાર અને જોન બે માં આવેલી લાયન્સ ક્લબ ઓફ દાહોદ સીટી દાતા વસંતભાઈ કારેલીયા દ્વારા પુત્ર જયેશભાઈની યાદમાં અંતરિયાળ ગામના બાળકો ભણતર અંગે પ્રોત્સાહિત થાય તે શુભ આશયથી ત્રણ વિવિધ શાળાઓમાં કન્યા કેળવણી અને પ્રગતિનો પ્રવેશોત્સવ સમારોહ તારીખ 25 6 2026 રોજ યોજવામાં આવ્યો જેમાં બોરખેડા મુખ્ય પ્રાથમિક શાળા 70 બાળકોના કુમકુમ તિલક અને ચોકલેટ આપી પ્રમુખ લાયન કમલેશ લીમ્બાચીયા અને ઉપપ્રમુખ લાયન અનિલ અગ્રવાલ ના વરદ હસ્તે સ્કુલ બેગ આપી શાળામાં પ્રવેશ અપાયો હતો.

### સિંગવડ તાલુકામાં પાછલા ત્રણ દિવસમાં ૮૨૧૭ બાળકોનો શાળા પ્રવેશ કરાવાયો



સિંગવડ::સાંસદજસવંતસિંહભાભોરનાહસ્તેનવીનઓરડાનુંલોકાર્પણ પૂર્વ કેન્દ્રીય મંત્રી અને દાહોદના સાંસદ શ્રી જસવંતસિંહ એસ. ભાભોર દ્વારા બોરગોટા, વાલાગોટા અને મલેકપુર પ્રાથમિક શાળામાં કુલ 247 લાખના ખર્ચે 19 નવીન ઓરડાનું લોકાર્પણ કરવામાં આવ્યું. સાંસદશ્રીએ આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ 1 ના બાળકોને કુમકુમ તિલક કરી શૈક્ષણિક કીટ આપી પ્રવેશ અપાવ્યો હતો. દરેક ધોરણમાં પ્રથમ ક્રમાંકે આવેલ બાળકોને સન્માન પત્ર અને કીટ આપી પ્રોત્સાહિત કરાયા હતા. તમામ શાળાઓમાં CET, NMMS જેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અને સન્માન પત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા.

### કાલોલ-૧૦ તળાવની પાળ પર આંગણવાડીમાં પ્રવેશોત્સવની ઉજવણી



કાલોલ : કાલોલ નગરપાલિકા વિસ્તારના સ્લમવિસ્તાર એવા વોર્ડ નં. 3માં આવેલ આંગણવાડી કેન્દ્ર-10, તળાવની પાળ ઉપર તારીખ 25/06/2026 ના રોજ "આંગણવાડી પ્રગતિ ઉત્સવ" અંતર્ગત ભૂલકાંઓનો પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો જ્યાં આ કાર્યક્રમમાં કાલોલ નગરપાલિકાના ઉપપ્રમુખ ગૌરાંગભાઈ દરજી તથા વોર્ડ નંબર 3 ના કાઉન્સિલર પ્રતિકભાઈ ઉપાધ્યાય ઉર્ફે મીન્ટુભાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બંને મહાનુભાવોના હસ્તે આંગણવાડીમાં નવા પ્રવેશ મેળવતા નાના ભૂલકાંઓને કુમકુમ તિલક કરી શાળા પ્રવેશ કરાવવામાં આવ્યો હતો. આંગણવાડી કાર્યકર હેતલબેન કિરણભાઈ કોન્ટ્રાક્ટર, મંજુલાબેન, પૂજાબેન રાવલ સહિત આંગણવાડીના લાભાર્થી બાળકો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ટીંબી ગ્રામ પંચાયત પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ



હાલોલ : ગુજરાત સરકાર દ્વારા કન્યા કેળવણી અને શાળા પ્રવેશ ઉત્સવ 2026 ના સરકારના અભિયાન અંતર્ગત શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ટીંબી ગ્રામ પંચાયત પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં વહીવટી તંત્ર અને રાજકીય આગેવાનોની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. ટીંબીખાતે શિક્ષણના ધામમાં પગ મૂકતા ભૂલકાઓને ઉત્સાહભેર આવકારવામાં આવ્યા હતા. પ્રસંગે, પંચમહાલ જિલ્લાના પોલીસ વડા ડી.આઈ.જી, હાલોલ ડીવાયએસપી રાઠોડ, પી.આઇ જાડેજા તેમજ હાલોલ નગરપાલિકાના કારોબારી અધ્યક્ષ પ્રમોદ સિંહ રાઠોડ, શાસક પક્ષના નેતા અરવિંદસિંહ પરમાર, ગામના પ્રથમ નાગરિક સરપંચ , માજી સરપંચ તથા શિક્ષક ગણ અને ગામના અગ્રણીઓ હાજર રહ્યા હતા